



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઈ, ૨૦૨૧, શુક્રવાર; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મેડિકલમાં OBCને ૨૭ અને EWSને ૧૦ ટકા અનામત

## પછાતો અને આર્થિક પછાતોને અનામતનો લાભ આપવા સરકાર પ્રતિબધ્ધ : આશરે ૫૫૫૦ વિદ્યાર્થીઓને તેનો ફાયદો મળશે, આ સ્કીમ ૨૦૨૧-૨૦૨૨ના સત્રથી લાગૂ થશે, લાંબા સમયની માંગને સંતોષતી કેન્દ્ર સરકાર

નવી દિલ્હી, તા.૨૯

મેડિકલનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્વનો આદેશ જારી કરવામાં આવ્યો છે. તેમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) અને આર્થિક રીતે પછાત વર્ગ (ઈડબલ્યુએસ) માટે અનામત લાગૂ થવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં અન્ડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ/ડેન્ટલ કોર્સ (એમબીબીએસ / એમડી / એમએસ / ડિપ્લોમા / બીડીએસ / એમડીએસ) માટે ૨૭ ટકા અને ઈડબલ્યુએસ કોટામાં ૧૦ ટકા અનામત મળશે. આ સ્કીમ ૨૦૨૧-૨૦૨૨ના સત્રથી લાગૂ થશે. જાણકારી પ્રમાણે આશરે ૫૫૫૦ વિદ્યાર્થીઓને તેનો ફાયદો મળશે. કેન્દ્ર સરકારે પછાત વર્ગો અને ઈડબલ્યુએસને અનામતનો ફાયદો આપવા માટે પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરી હતી. તેને લાગૂ કરવા માટે પીએમ મોદીએ થોડા સમય પહેલા રિવ્યૂ મીટિંગ પણ કરી હતી.

મહત્વનું છે કે એનડીએના અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના સાંસદોના એક પ્રતિનિધિમંડળે બુધવારે પ્રધાનંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તેમણે અખિલ ભારતીય ચિકિત્સા શિક્ષણ કોટામાં ઓબીસી અને આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અનામત લાગૂ કરવાની માગ કરી હતી ઘણાં લાંબા સમયથી ઓબીસીને ઓલ ઈન્ડિયા ક્વોટા અંતર્ગત અનામત આપવાની માગણી થઈ રહી હતી. વડાપ્રધાન મોદીએ ૨૬ જુલાઈના રોજ રિવ્યુ બેઠકમાં તેનું જલ્દી સમાધાન શોધવા પણ વાત કરી હતી.

દર વર્ષે એમબીબીએસમાં લગભગ ૧૫૦૦ ઓબીસી સ્ટૂડન્ટ્સ અને પોસ્ટગ્રેજ્યુએટ્સમાં ૨૫૦૦ ઓબીસી વિદ્યાર્થીઓને ફાયદો થઈ શકે છે. એ જ રીતે એમબીબીએસમાં લગભગ ૫૫૦ ઈડબલ્યુએસ વિદ્યાર્થીઓ અને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ૧૦૦૦ ઈડબલ્યુએસ વિદ્યાર્થીઓને લાભ થઈ શકે છે.

આ વ્યવસ્થા ઓલ ઈન્ડિયા કોટા અંતર્ગત યુજી અને પીજી

● અનુસંધાન પાન-૭ પર

# કેરળમાં કોરોનાનો હાહાકાર : બે દિવસ સંપૂર્ણ લૉકડાઉનની જાહેરાત

## દેશભરના કુલ કોરોના કેસોમાં ૫૦ ટકા કેસ કેરળમાં નોંધાયા : કેરળમાં ૬૬ ટકા વસતી કોરોનાથી સંક્રમિત, છેલ્લા ૨૪ કલાકમાં ૨૧ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા, ૩૧ જુલાઇ અને ૧ ઓગસ્ટે સંપૂર્ણ લોકડાઉન રહેશે

ન્યુ દિલ્હી,તા.૨૯

કોરોનાના કેસની વધતી સંખ્યાને કારણે કેરળ સરકારની ચિંતા વધી ગઈ છે. સરકારે રાજ્યમાં બે દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. કેરળમાં ૩૧ જુલાઈ અને પહેલી ઓગસ્ટના રોજ સંપૂર્ણપણે લોકડાઉનનું પાલન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અહીં કોરોનાના કેસ ફરીથી વધી રહ્યા છે. પાછલા ૨૦ દિવસમાં સૌથી વધારે કેસ ૨૪ કલાકમાં સામે આવ્યા છે.

દેશભરના કુલ કેસમાં ૫૦ ટકા કેસ કેરળમાં છે. આ આંકડાઓ સામે આવ્યા પછી કેરળ સરકારે લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લીધો છે. કોરોનાની બીજી લહેરનો સંપૂર્ણપણે અંત નથી આવ્યો. કેરળ, મહારાષ્ટ્ર અને નોર્થ ઈસ્ટના રાજ્યોમાં કોરોનાના સૌથી વધારે કેસ સામે આવી રહ્યા છે. બીજી લહેર પીક પર પહોંચી પછી કેરળમાં કેસ ઘટવા લાગ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



# દેશમાં સતત બીજા દિવસે નવા ૪૩૫૦૯ કોરોનાના કેસ

## રિકવરી રેટ ૯૭.૩૮ ટકાએ પહોંચ્યો : ભારતમાં એક્ટિવ કેસમાં ઉછાળો જોવા મળતાં ૪ લાખથી વધુ કેસ, વધુ ૩૮,૪૬૫ દર્દીએ કોરોનાને મ્હાત આપી

નવી દિલ્હી,તા.૨૯

ભારતમાં કોરોના કેસોની સંખ્યા સતત ૪૩ હજારથી ઉપર નોંધાઈ રહી છે. આ ઉપરાંત એક્ટિવ કેસનો આંક ફરીથી ૪ લાખથી ઉપર પહોંચી ગયો છે. રાહતની વાત એ છે કે દેશમાં કોવિડ રિકવરી રેટ ૯૭.૩૯ ટકા થઈ ગયો છે. ગુરૂવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૩,૫૦૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૧૫,૨૮,૧૧૪ થઈ ગઈ છે. કોરોના વાયરસ મહામારી સામે લડીને ૩ કરોડ ૭ લાખ ૧ હજાર ૬૧૨ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૮,૪૬૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૪,૦૩,૮૪૦ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૪,૨૨,૬૬૨ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

વિશેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૮ જુલાઈ, ૨૦૨૧ સુધીમાં ભારતમાં કુલ ૪૬,૨૬,૨૯,૭૭૩ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બુધવારના ૨૪ કલાકમાં ૧૭,૨૮,૭૯૫ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં કોરોના કેસોની વાત કરીએ તો, બુધવાર સાંજ સુધીમાં ૨૩ જિલ્લા અને ૩ મહાનગરોમાં કોરોના વાયરસના શૂન્ય કેસ નોંધાયા છે. જ્યારે બાકીના ૮ જિલ્લા અને ૫ મહાનગરોમાંથી મળીને રાજ્યના કુલ ૨૮ કેસ નોંધાયા છે. જેની સામે આજે ૩૯ દર્દીઓ સાજા થઈ ગયા છે. રાજ્યમાં કોવીડના કારણે આજે એક પણ મોત નથી. રાજ્યમાં એક્ટિવ કેસનો આંકડો પણ રેકોર્ડબ્રેક તળિયે પહોંચી ગયો છે. ફક્ત ૨૭૪ એક્ટિવ કેસ અને ૦૫ વેન્ટિલેટર દર્દી સાથે રાજ્યમાં રિકવરી રેટ ૯૮.૭૫ ટકાએ પહોંચી ગયો છે. રાજ્યમાં કોરોના વાયરસથી થયેલા મોતનો આંકડો ૧૦,૦૭૬ પર સ્થિર છે.

# છોટા રાજનને એમ્સમાં દાખલ કરાયો

નવી દિલ્હી, તા.૨૯

તિહાડ જેલમાં બંધ અંડરવર્લ્ડ ડોન છોટા રાજનની તબિયત લથડી છે અને એ પછી તેને સારવાર માટે દિલ્હીની એમ્સમાં ખસેડવામાં આવ્યો છે. એવુ કહેવાય છે કે, તેને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો અને હાલમાં તેની સારવાર ચાલી રહી છે. તાજેતરમાં જ મુંબઈની એક વિશેષ અદાલતે ૨૦૦૧માં મુંબઈમાં બિલ્ડર અને ફિલ્મ ફાઈનાન્સર યુસુફ લાકડવાલા પર ગોળી ચલાવવાના મામલામાં છોટા રાજન સામે સીબીઆઈના ક્લોઝર રિપોર્ટને સ્વીકારી લીધો હતો. આ પ્રકારનો રિપોર્ટ કોર્ટને ત્યારે આપવામાં આવે છે જ્યારે તપાસ એજન્સીને લાગે કે, આરોપી સામે કોઈ પૂરાવા નથી. આ કેસમાં કોર્ટે છોટા રાજનને છોડવાનો હુકમ પણ આપ્યો છે.

# અલાસ્કામાં ૮.૨ની તિવ્રતાનો ધરતીકંપ

## બુધવારે રાતે અમેરિકામાં ભૂકંપના આંચકા : સુનામીની ચેતવણી : ભૂકંપના કારણે ભયાનક તારાજીની આશંકા, બીજા બે ૬.૨ અને ૫.૬ની તિવ્રતાના આફ્ટરશોક્સ આવ્યા

અલાસ્કા, તા.૨૯

અમેરિકાના અલાસ્કા રાજ્યમાં બુધવારે રાતે ભયાનક ભૂકંપના કારણે ધરતી ધ્રુજી ગઈ હતી. ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૮.૨ નોંધાઈ છે.

ભૂકંપના આંચકા એટલા તિવ્ર હતા કે, હવે તેના પગલે સુનામીની ચેતવણી પણ જાહેર કરાઈ છે. ભૂકંપના કારણે ભયાનક તારાજીની આશંકા પણ છે. ભૂકંપના કારણે થયેલા નુકસાન અંગેની જાણકારીની રાહ જોવાઈ રહી છે.

અમેરિકન જિઓલોજીકલ સર્વે દ્વારા રાતે ૧૧-૧૫ વાગ્યે ધરતીની સપાટીથી ૨૯ માઈલ નીચે ભૂકંપ આવ્યો હોવાનુ કહેવાયુ હતુ. એ પછી બીજા બે આફ્ટરશોક્સ આવ્યા હતા. તેની તિવ્રતા ૬.૨ અને ૫.૬ બતાવવામાં આવી છે. ભૂકંપના આંચકા બાદ દક્ષિણ અલાસ્કા, એલ્યુશિયન ટાપુ પર સુનામીની ચેતવણી અપાઈ છે. ગુઆમ અને હવાઈ ટાપુને પણ સતર્ક રહેવા માટે કહેવાયુ છે. લોકોને કિનારાઓ પરથી દુરના સ્થળે હટી જવા માટે ચેતવણી અપાઈ છે.

ભૂકંપના કારણે રાજ્યના પશ્ચિમ તટ પર નુકસાન થયુ હોવાની શક્યતા છે. અલાસ્કા ભૌગોલિક રીતે પેસિફિક રિન્ગ ઓફ ફાયરમાં આવે છે. જ્યાં ભૂસ્તરીય હિલચાલ વધારે છે. ૧૯૬૪માં અહીંયા અમેરિકાના ઈતિહાસનો સૌથી વિનાશક ભૂકંપ આવ્યો હતો. તેના કારણે હવાઈ ટાપુ પર તબાહી મચી હતી અને સુનામીમાં ૨૫૦ લોકોના મોત થયા હતા.



# હોકીમાં ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન આર્જેન્ટિનાને હરાવ્યું

## સિંધુ પણ મેડલની નજીક : ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતનારી આર્જેન્ટીના સામે ભારતીય ટીમે ૩-૧થી વિજય મેળવ્યો




ટોક્યો,તા.૨૯

ટોક્યો ઓલિમ્પિકના ૭માં દિવસે આજે ભારતીય ટીમ પોતાની શરુઆત નૌકાયનથી કરશે. જે બાદ શૂટિંગમાં ૨૫ મીટર એર પિસ્ટલના મહિલા રાઉન્ડમાં રાહી સોરનોબાત અને મનુ ભાખર પોતાનો દમ દેખડશે. આ ગેમની શરુઆત ભારતીય સમય પ્રમાણે સવારે સાડા પાંચ વાગ્યે થઈ હતી. જ્યારે ભારતીય સમય પ્રમાણે આજે સવારે ૬ વાગ્યે શરું થયેલી પૂલ એની ભારત આર્જેન્ટીના વચ્ચેની પુરુષ હોકી મેચમાં ભારતીય ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાને ૩-૧થી હરાવ્યું. આર્જેન્ટિનાની ટીમ ભારતીય ટીમના શાનદાર પ્રદર્શન આગળ પોતાને લાચાર અનુભવી રહી હતી. ભારતીય પુરુષ હોકી ટીમએ ઓલમ્પિકની ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. ટીમે પોતાની ચોથી મેચમાં ૨૦૧૬ રિયો ઓલમ્પિકની ગોલ્ડ મેડલિસ્ટ આર્જેન્ટિનાની ટીમને ૩-૧થી મ્હાત આપી. ટીમની આ ચાર મેચોમાંથી ત્રીજી જીત છે.

બીજી તરફ સિંધુ પણ ગેમમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે અને તેણે હજુ સુધી એક પણ ગેમ હારી નથી. સિંધુએ પહેલી ગેમ ૨૧-૧૫થી જીતી હતી જ્યારે બીજી ગેમ તેણે ૨૧-૧૩થી જીત છે. આ સાથે સિંધુ મેડલની વધુ નજીક આવી છે.

# દેશમાં બે-તૃતિયાંશ વસતીમાં કોરોના વાયરસની એન્ટિબોડી ડેવલપ થઈ : આઈસીએમઆરનો સીરો સર્વે

## ૭૯ ટકા સાથે મધ્યપ્રદેશ સૌથી આગળ, કેરળ છેલ્લે

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશનાં ૨૧ રાજ્યમાં કરવામાં આવેલા એક સર્વેમાં એ વાત પ્રકાશમાં આવી છે કે અહીંની બે-તૃતીયાંશ વસતિમાં કોરોના વાઈરસની એન્ટિબોડી ડેવલપ થઈ છે. ૭૯ ટકા એન્ટિબોડીની સાથે મધ્યપ્રદેશ સૌથી આગળ છે, જ્યારે માત્ર ૪૪.૪ ટકા એન્ટિબોડીની સાથે કેરળ સૌથી પાછળ છે. જોકે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ગુજરાત સહિત ૮ રાજ્યમાં ૭૦ ટકાથી વધુ લોકોમાં એન્ટિબોડી વિકસિત થઈ છે. જોકે ચિંતાની વાત એ છે કે હાલ દેશમાં સૌથી વધુ સંક્રમણના કેસ કેરળમાં નોંધાઈ રહ્યા છે.

ઈન્ડિયન મેડિકલ રિસર્ચ કાઉન્સિલ તરફથી ૧૪ જૂનથી ૧૬ જુલાઈની વચ્ચે કરાવવામાં આવેલા સીરો સર્વેનો રિપોર્ટ બુધવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કર્યો છે. દેશના ૭૦ જિલ્લામાં આઈસીએમઆરનો આ ચોથો સીરો સર્વે છે. કોઈ વસતિના બ્લડ સીરમમાં એન્ટિબોડીના લેવલને સીરોપ્રિવલેન્સ કે સીરોપોઝિટિવિટી કહેવામાં આવે છે.

આ પરિણામને જોતાં સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યોને સૂચન કર્યું કે તેઓ આઈસીએમઆરના દિશા-નિર્દેશમાં પોતાનો સીરોપ્રિવલેન્સ સ્ટડી કરાવે. આ સીરો સર્વેનાં પરિણામોનો કોરોનાના નિયંત્રણ માટે ઉપયોગ કરવામાં આવી શકશે. આઈસીએમઆરનો સીરો સર્વે નેશનલ લેવલ પર કોવિડ ઈન્ફેક્શનના ફેલાવવાને સમજવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો. એનાં પરિણામો જિલ્લા અને રાજ્યોની વચ્ચે સીરોપ્રિવલેન્સની વિવિધતા કે વરાઈટી બતાવતા નથી. કોઈ વસતિના બ્લડ સીરમમાં એન્ટિબોડીના અસ્તિત્વને જાણવાના ટેસ્ટને સીરો સ્ટડી કે સીરો સર્વે કહેવામાં આવે છે.

# શેરબજારમાં તેજીનો માહોલ

મુંબઈ,તા.૨૯

બોમ્બે શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સમાં ત્રણ દિવસના ઘટાડાને બ્રેક લાગતા ગુરુવારે ૨૦૯ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. તાતા સ્ટીલ, એસબીઆઈ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં લેવાલી તેમજ વૈશ્વિક બજારમાં ઉછાળાને પગલે સ્થાનિક શેરબજારમાં પોઝિટિવ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૨૦૯.૩૬ પોઈન્ટ વધીને ૫૨,૬૫૩.૦૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નિફ્ટી આંક પણ ૬૯.૦૫ ટકા વધીને ૧૫,૭૭૮.૪૫ના સ્તરે બંધ રહ્યો હતો.

સેન્સેક્સના બ્લુચીપ કાઉન્ટર પૈકી તાતા સ્ટીલ સૌથી વધુ ૭ ટકા વધ્યો હતો. આ ઉપરાંત બજાજ ફિનસર્વ, એસબીઆઈ, એચસીએલ ટેક, સન ફાર્મા, બજાજ ફાઈનાન્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ઉછાળો નોંધાયો હતો. જ્યારે મારુતિ સુઝુકી, પાવર ગ્રીડ, બજાજ ઓટો અને આઈટીસીમાં નરમાઈ રહી હતી.

# પ્રશાંત કિશોરના કોંગ્રેસમાં પ્રવેશની અટકળો જોરમાં

## પ્રશાંત કિશોરને સામેલ કરવા રાહુલે નેતાઓની સલાહ માગી, ૨૨ જુલાઈએ રાહુલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી જેમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૨૯

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરના કોંગ્રેસમાં સામેલ થવાને લઈને અટકળોનું બજાર ગરમ છે. પરંતુ આ વચ્ચે સવાલ છે કે શું કોંગ્રેસ પ્રશાંત કિશોરને પોતાની પાર્ટીમાં સામેલ કરવા ઈચ્છે છે અને શું પ્રશાંત કિશોર દેશની સૌથી જૂની રાજકીય પાર્ટીમાં સામેલ થઈ શકે છે? તેને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ ચાલી રહી છે. પરંતુ ન તો કોંગ્રેસ તરફથી કંઈ કહેવામાં આવ્યું છે અને ન પ્રશાંત કિશોરે તેને લઈને કોઈ સત્તાવાર નિવેદન આપ્યું છે.

એક રિપોર્ટ અનુસાર પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં સામેલ કરવાને લઈને પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વરિષ્ઠ નેતાઓ પાસે સલાહ માગી છે. રિપોર્ટ અનુસાર આ મામલા સાથે જોડાયેલા ત્રણ લોકોએ નામ ન છાપવાની શરતે જણાવ્યું કે ૨૨ જુલાઈએ રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી, જેમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રાહુલ ગાંધી સિવાય એકે એન્ટની, મલ્લિકાર્જુન ખડગે, કેસી વેણુગોપાલ, કમલનાથ અને અંબિકા સોની સહિત લગભગ કોંગ્રેસના મુખ્ય નેતાઓ હાજર રહ્યા હતા. રિપોર્ટ અનુસાર રાહુલ ગાંધી આગામી કેટલાક દિવસોમાં આ મુદ્દા પર અંતિમ નિર્ણય લઈ શકે છે. જો બંને પક્ષ સહમત થાય તો પ્રશાંત કિશોરને પાર્ટીમાં કોઈ મોટુ પદ ઓફર કરવામાં આવી શકે છે. મામલા સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું કે રાહુલ ગાંધીએ બેઠકમાં સામેલ વરિષ્ઠ નેતાઓને પૂછ્યુ કે પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં સામેલ કરવા પર તેનું શું કહેવું છે તો મોટા ભાગના લોકોએ પોઝિટિવ જવાબ આપ્યો અને કહ્યું કે, આ ખોટો વિચાર નથી.

મહત્વનું છે કે પ્રશાંત કિશોરે ૧૩ જુલાઈએ દિલ્હીમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે કે પ્રશાંત કિશોર કોંગ્રેસમાં સામેલ થઈ શકે છે અને તે ૨૦૨૪માં યોજાનાર લોકસભા ચૂંટણી માટે મોટી યોજના તૈયાર કરી રહ્યાં છે.

# મેરી કોમનો કોલમ્બિયાની બોક્સર સામે પરાજય થયો

## મહિલા બોક્સિંગના ક્વાર્ટર ફાઈનલમાં કોલમ્બિયાની ઈંગ્રિટ વાલેંસિયા સામે હારનો સામનો કરવો પડ્યો

ટોક્યો, તા.૨૯

ટોક્યોમાં અત્યારે દુનિયાની સૌથી મોટી રમતની સ્પર્ધા ઓલિમ્પિક ચાલી રહી છે. ભારત સહિત આખા વિશ્વની નજર અત્યારે ટોક્યો પર છે. ભારત તરફથી મીરાબાઈ ચાનુ એક મેડલ જીતીને લાવ્યા છે. આજે ભારતને આશા હતી કે મેરી કોમ દેશ માટે ઓલિમ્પિક મેડલ જીતીને લાવશે. પરંતુ છ વાર વિશ્વ ચેમ્પિયન રહી ચુકેલા એમસી મેરી કૉમનું ટોક્યો ઓલિમ્પિકમાં મેડલ જીતવાનું સપનંત રોળાઈ ગયું છે.

મેરી કોમે મહિલા બોક્સિંગના ક્વાર્ટર ફાઈનલમાં કોલમ્બિયાની ઈંગ્રિટ વાલેંસિયા સામે હારનો સામનો કરવો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે તે ૨૦૧૬માં રિયોમાં થયેલા ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલ વિજેતા છે. મેરી કૉમ આ પહેલા બે વાર કોલમ્બિયાની આ એથ્લીટ સાથે રમી ચુક્યા છે અને બન્ને મેચમાં મેરી કોમની જીત થઈ હતી.